# કોરોના વેક્સિનેશન ક્ષેત્રે ગુજરાતની આગવી સિદ્ધિ

## ૭ કરોડ ૧ લાખથી વધુ વેક્સિન ડોઝ રાજ્યમાં ૨૯ ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં અપાયા : પ્રતિ દસ લાખે બે ડોઝના લાભાર્થીએ ૭ લાખ ૧૦ હજાર વેક્સિન ડોઝ આપીને દેશમાં મોટા રાજ્યોમાં અગ્રેસર રહેતું ગુજરાત

ગાંધીનગર, તા. ૨૯

વિશ્વવ્યાપી મહામારી કોરોના સામે આરોગ્ય રક્ષા કવચ માટેના વેક્સિનેશન, રસીકરણ અન્વયે ગુજરાતે ૭ કરોડ ૧ લાખથી વધુ ડોઝ આપીને આગવી સિદ્ધિ મેળવી છે.

રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે આ વિગતો આપતાં જણાવ્યું છે કે, તા.૨૯ ઓક્ટોબર-૨૦૨૧ શુક્રવાર સુધીમાં રાજ્યમાં તમામ વયજૂથોના ૪ કરોડ ૪૬ લાખ ૪૯ હજાર લાભાર્થીઓને વેક્સિનનો પહેલો ડોઝ આપી દેવાયો છે.

એટલું જ નહિ, ૨ કરોડ ૫૪ લાખ ૫૬ હજાર ૩૮૨ લાભાર્થીઓને વેક્સિનનો બીજો ડોઝ પણ અપાઈ ગયો છે. સમગ્રતયા રાજ્યમાં ૭ કરોડ ૧ લાખથી વધુ વેક્સિન ડોઝ અપાયા છે.

અધિક મુખ્ય સચિવશ્રીએ વધુ વિગતોમાં જણાવ્યું છે કે, ગુજરાતે પ્રતિ દસ લાખે બે ડોઝના લાભાર્થી એટલે કે પર મિલીયન વેક્સિનેશનમાં ડબલ ડોઝ અન્વયે ૭,૧૦,૮૮૦ ડોઝ આપીને દેશમાં મોટા રાજ્યોમાં અગ્રેસરતા મેળવી છે.

રાજ્યભરના ૧૫,૪૬૭ ગામડાઓ, ૫૦૩ પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો, ૩૧ શહેરી આરોગ્ય કેન્દ્રો તથા ૬૭ તાલુકાઓમાં ૧૮ વર્ષથી ઉપરની વયના પાત્રતા ધરાવતા તમામ વ્યક્તિઓને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવાની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, સમગ્ર દેશમાં તા.૧૬ જાન્યુઆરી-૨૦૨૧થી કોવિડ વેક્સિનેશન કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતે દેશભરમાં પહેલ કરીને તા.૩૧મી જાન્યુઆરીથી રાજ્યમાં ફ્રન્ટ લાઈન વકર્સને વેક્સિનેશન અન્વયે આવરી લેવાની શરૂઆત કરી છે.



ગમે તેટલા ઉપાયો કરવા છતાં ગાંધીનગરમાં કચરાની સમસ્યા યથાવત રહી છે. સે-૨૪ ચોકડી પાસે રોડ સાઈડે કચરાના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. વળી અહીં પાર્કિંગની સમસ્યા પણ સર્જાઈ છે. વસાહતીઓ ખૂબ હેરાન થઈ રહ્યા છે.

# રાત્રે બે કલાક જ ફટાકડા ફોડવાની મંજૂરી

## ફટાકડાના ઓનલાઇન વેચાણ પર પ્રતિબંધ : રાત્રે ૮થી ૧૦ વચ્ચે ફટાકડા ફોડી શકાશે, નવા વર્ષે ૧૧:૫૫થી ૧૨:૩૦ સુધી ફટાકડા ફોડી શકાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્ય સરકારનું ફટાકડા અંગેનું જાહેરનામું આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, રાત્રે ૮થી ૧૦ વચ્ચે ફટાકડા ફોડી શકાશે. નવા વર્ષે ૧૧:૫૫થી ૧૨:૩૦ સુધી ફટાકડા ફોડી શકાશે. ઓનલાઈન ફટાકડા વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. વધુ પ્રદૂષણ ફેલાવતા ફટાકડા પર પ્રતિબંધ નાંખવામાં આવ્યો છે. લાયસન્સ ધારક વેપારીઓજ વેચાણ ફટાકડાનું વેચાણ કરી શકશે. જાહેર સ્થળો પર ફટાકડા ફોડી શકાશે નહીં. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ ફટાકડા ફોડવાને લઈને રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે. જેથી દરેકે લોકોએ રાતે ૮ થી ૧૦ના સમયગાળામાં ફટાકડા ફોડવા પડશે, ગ્રીન ફટાકડા તેમજ માન્યતા પ્રાપ્ત ફટાકડા ફોડવા માટેની મંજૂરી આપવામાં આવી છે. જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. સાથે જ ક્રિસમસ અને નૂતન વર્ષમાં રાતે ૧૧.૫૫ થી ૧૨.૩૦ સુધી ફટાકડા ફોડી શકાશે તેવું પણ જણાવવામાં આવ્યુ છે. વધુમાં એમ પણ જણાવાયું કે, સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ જાહેર રસ્તા પર દારૂખાનું નહીં ફોડી શકાય. ઓછું પ્રદુષણ અને ઓછાં અવાજ કરે તેવાં જ ફટાકડાની પરવાનગી અપાઈ. લાયસન્સ ધરાવનારા વેપારીઓ જ ફટાકડાનું વેચાણ કરી શકશે. સુપ્રીમ કોર્ટ ગુરૂવારે સ્પષ્ટતા કરી હતી કે ફટાકડાં ફોડવા બાબતે તેના દ્વારા મૂકવામાં આવેલો પ્રતિબંધ એ કોઈ ચોક્કસ સમુદાય વિરૂદ્ધ નથી પરંતુ આનંદની આડમાં નાગરિકોના અધિકારોનુ ઉલ્લંઘન કરવાની અમે મંજૂરી આપી શકીએ નહીં. ગ્રીન ફટાકડા રાષ્ટ્રીય અભિયાક્ત્રિષક સંશોધન સંસ્થાએ શોધ્યા છે. દેખાવમાં આ ફટાકડા સામાન્ય ફટાકડા જેવાજ હોય છે. સાથેજ ગ્રીન ફટાકડાનો અવાજ પણ સામાન્ય ફટાકડા જેવો હોય છે. ઉપરાંત આ ફટાકડા ૫૦ ટકા પ્રદુષણ ઓછું ફેલાવે છે. જેમા સામાન્ય ફટાકડા કરતા અલગ મટિરિયલ વાપરવામાં આવે છે. આ ફટાકડાથી ધૂમડો પણ ઓછો થાય છે અને નુકસાનકારક ગેસ પણ ઓછો પેદા થાય છે. સાથે જ વાતાવરણમાં સુગંધ પણ પ્રસરી જાય છે.

# ખ-૩ સર્કલ પાસે ઈકોની અડફેટે બાઈક ચાલક યુવકને ઈજા

ગાંધીનગર,તા.૨૯

શહેરના ખ-૩ સર્કલ પાસે ઈકો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવક નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક હાઈટેક હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જયાં યુવકને જમણા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પૃથ્વીરાજસિંહ વિક્રમસિંહ રાઠોડ (ઉં.૧૯, રહે.રાજપુરા કુવાયડા કિર્તી ફાર્મ રાઠોડ વાસ તા.વિજાપુર) પોતાના પરિવાર સાથે રહે છે અને પિલવાઈ એમ.જી.પંચાલ કોલેજમાં બીએસસીના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. પૃથ્વીરાજના પરિવારમાં મમ્મી-પપ્પા અને ચંદ્રપ્રતાપસિંહ છે જેઓ અરવિંદ મીલમાં નોકરી કરે છે. ગત તા.૨૬ ના રોજ ફરીયાદી સાથે કોલેજમાં ભણતો મિત્ર જયમીન પટેલ જે માઢી ગામ ખાતે રહે છે. જેની ગાડી સરગાસણ ખાતે તેના સંબંધીના ઘરે હતી. જેથી બાઈક નં. જી.જે.૦૨.સી.એચ.-૬૦૫૭ લઈને ગાડી લેવા માટે આવ્યા હતા. જયારે ગાડી લઈને ફરીયાદીનો મિત્ર નીકળી ગયો હતો. ત્યારે પૃથ્વીરાજસિંહ બાઈક લઈને સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે ખ-૩ સર્કલ પાસે પહોંચતા ગ-૩ સર્કલથી આવી રહેલી ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.જે.-૦૭૫૧ના ચાલકે ગાડી પુર ઝડપે બેદરકારી તેમજ ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક પરથી ચાલક નીચે પડી ગયો હતો. બાઈક ચાલકને ઈજા પહોંચી હોવાથી ઈકો કાર ચાલકે તેને તાત્કાલીક હાઈટેક હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. પ્રાથમિક સારવાર બાદ જમણા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયુ હતું.જયારે યુવકના પરિવારજનો આવી પહોંચયા ઈકો ચાલક જતો રહયો હતો. જયારે હાઈટેક ખાતે એક દિવસ સારવાર મેળવીને સઈજ સ્થિત પ્રેમ સ્વરુપ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે એડમીટ છે. જયાં જમણા પગે ફ્રેકચર હોવાથી ઓપરેશન કરેલ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સચિવાલય સંકુલમાં દિવાળીની ભેટ સોગાદોની આપ-લે નો ઉપક્રમ શરૂ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સચિવાલય ખાતે દિવાળીના પર્વને અનુલક્ષીને શુભેચ્છા ભેટની આપ-લે નો શિરસ્તો જાળવવાનો ઉપક્રમ શરૂ થઈ ગયો છે. અત્યારે સચિવાલયના વિવિધ સંકુલોમાં વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓ તથા તેમના સ્ટાફ માટે દિવાળી ગીફ્ટ આપનારાઓની હારમાળા રંગબેરંગી પેકટ્સના ખડકલાં સાથે જોવા મળી રહી છે.

દિવાળી એટલે આનંદ, ઉત્સવ અને પ્રકાશનું પર્વ હોવા સાથે ભેટ-સોગાદનું અને ''વ્યવહાર'' સાચવવાનું પર્વ પણ છે. ભારતીય સંસ્કૃતિના સૌથી મોટા ગણાતા આ પર્વના અનેક આયામો છે જે પૈકી સરકારી વિભાગોમાં પોતાના કામો ઝડપથી પતાવવા કે ફાઈલ પર નકારાત્મક માર્કિંગ થતું રોકવા માટે ''વ્યવહાર'' સાચવવાનો શ્રેષ્ઠ સમય 'દિવાળી' ગણાય છે.

સરકારના વિવિધ વિભાગોને માલસામાન કે સેવાઓ પુરી પાડતા વેન્ડર્સ તથા કોન્ટ્રાકટર્સ પોતાનું 'કામ' અટકે નહીં તે માટે અથવા પેન્ડિગ બિલોના ઝડપી પેમેન્ટ માટે અને અધિકારીઓની નજરમાં 'પ્લસ' કેટેગરીમાં રહેવા માટે દિવાળીના પર્વે ભેટ સોગાદો આપીને સંબંધ સાચવી લેતા હોય છે. સામાન્ય સંજોગોમાં પ્રમાણિક અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા આવી ભેટ-સોગાદો માટે 'ના' પાડવાની શક્યતા રહે છે. પરંતુ દિવાળીમાં તો ''રિવાજ''ની સરતે પણ સ્વીકારાઈ જાય છે. વળી, આ સમયે લેતી-દેતીના ''કવરો''નો વ્યવહાર પણ થઈ જતો હોય છે. અત્યારે સચિવાલયની લિફટમાં રંગબેરંગી ગીફટ પેકેટ્સના ખડકલાં મુસાફરી કરતાં જોવા મળે છે.



## મોરારીબાપુની મુલાકાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજીએ આજે ભાવનગર જિલ્લાના તલગાજરડા સ્થિત પ્રસિધ્ધ રામાયણી મોરારી બાપુના આશ્રમ 'ચિત્રકુટધામ'ની મુલાકાત લીધી હતી. તેઓ મોરારી બાપુ સાથે સમગ્ર આશ્રમ પરિસરની મુલાકાત લઈ અભિભૂત થયાં હતાં. રાષ્ટ્રપતિશ્રી સાથે તેમની આ મુલાકાતમાં તેમના ધર્મપત્નીશ્રી સવિતા ગોવિંદ પણ જોડાયાં હતાં. બે દિવસીય ભાવનગરની મુલાકાતના પ્રથમ દિવસે તેઓ પૂ. બાપૂના આશ્રમ તલગાજરડા ખાતે પહોંચ્યાં હતાં. રાષ્ટ્રપતિશ્રીએ આશ્રમમાં શ્રધ્ધાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક ભાવવંદના કરી હતી. તેમણે સમગ્ર આશ્રમ પરિસરની મુલાકાત લઈ મોરારીબાપુ સાથે આધ્યાત્મિક સંવાદ કર્યો હતો. આ અવસરે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દિવાળી પર્વમાં પણ ડેપોમાં પોલીસ પહેરો નહીં ગઠીયાઓના હાથફેરો મહિલાનુ પર્સ ચોરાયુ

## દિવાળીના પર્વમાં ડેપોમાં મુસાફરોની ભીડ વધી છતા કાયદો અને વ્યવસ્થા જળવાય તેવુ કોઇ આયોજન નહીં : મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે

ગાંધીનગર તા ૨૯

શહેરના એસ ટી ડેપોમાં અવારનવાર જાણભેદુ ગઠીયાઓ હાથફેરો કરી લેતા મુસાફરોના ખિસ્સા કપાય છે બે દિવસ અગાઉ જ સરખેજની બસમાં બેસતી મહીલાનુ પાકીટ ચોરાઈ જતા હોબાળો મચ્યો હતો. આડા દિવસોમાં પણ ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે હોય છે જયારે દિવાળીના તહેવાર ટાંણે એસ ટી ડેપોમાં મુસાફરોની ભીડ વધી છે ત્યારે પોલીસ પહેરો ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના એસ ટી ડેપોમાં વારંવાર મુસાફરોના ખિસ્સા કપાય છે. આમછતા ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઈ નથી પાટનગરના હાર્દસમા વિસ્તારમાં દિવા તળે અંધારુ છે. રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે. આમછતા સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરના ડેપો સંકુલમાં જ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. બે દિવસ અગાઉ ડેપોમાં સરખેજ રૂટની બસમાં ચઢતી મહીલાના પર્સની ઉઠાંતરી થઇ હતી. કોઈ જાણભેદુ ગઠીયાઓ મહીલાનુ પર્સ ચોરી ગયા હતા જયારે મહીલાના પર્સમાં કીંમતી સોનાનો દોરો તેમજ રોકડ પણ હતી દિવાળીના તહેવારમાં આમ પણ ડેપો સંકુલમાં ભીડ જોવા મળે છે. જયારે મુસાફરોની ભીડ વચ્ચે ચોર ગઠીયાઓ પણ ગમે ત્યારે હાથફેરો કરી લે છે. ડેપો સંકુલમાં અવારનવાર હાથફેરો કરવામાં ફાવી ગયેલા ગઠીયાઓ પોલીસ પહેરાના અભાવ વચ્ચે વધુ બિન્દાસ્ત બન્યા છે. જેના લીધે મુસાફરો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. મહીલાઓમાં પણ વિશેષ ભય પ્રવર્તયો છે.

અગાઉ પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. છતા પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. ત્યારે દિવાળીના પર્વ દરમિયાન ડેપો સંકુલમાં મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખી પોલીસ પહેરો ગોઠવવો અનિવાર્ય છે મુસાફરો પણ આ મામલે માંગણી કરી રહ્યા છે. ત્યારે ડેપો મેનેજરે પણ આ મામલે પોલીસ તંત્રને પત્ર લખી તહેવારોના દિવસોમાં ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાય તે માટે રજુઆત કરે તે અનિવાર્ય છે. ડેપો સંકુલમાં રીનોવેશનનુ કામ હાથ ધરવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. ત્યારે મુસાફરલક્ષી સુવિધાઓ પણ ઉપલબ્ધ થતી નથી આવા સંજોગોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો પણ રામભરોસે છે.

# આજે ગાંધીનગરમાં 'સરદાર પટેલ : આયર્ન મેન ઓફ ઈન્ડિયા' નાટક ભજવાશે

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે તા. ૩૦મી ઓક્ટોબરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગરના ઓડિટોરિયમમાં, સરદાર જયંતીની પૂર્વ સંધ્યાએ 'સરદાર પટેલ : આયર્ન મેન ઓફ ઈન્ડિયા' નાટક ભજવાશે. ગુજરાતના જાણીતા લેખક ડૉ. વિક્રમ પંચાલ દ્વારા લિખિત સૌનક વ્યાસ દ્વારા દિગ્દર્શિત આ નાટક પ્રથમવાર ગાંધીનગરમાં ભજવાશે. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, પી.આર. જોશી, કમિશનરશ્રી, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપસ્થિત રહેશે. 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાનાર આ નાટકના પ્રવેશપત્ર અકાદમી કાર્યાલય તથા ગાંધીનગર સમાચારની ઓફિસથી મળી શકશે. પ્રવેસ પાસ વિના પણ કાર્યક્રમમાં પ્રવેશ મળી શકશે. તેમ અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યુ છે.

## ઈલેક્ટ્રીક બસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ અમદાવાદાની એમ એ ટી એસ બસનુ ચાર્જીંગ પણ આ સ્ટેશન પરથી થઈ રહ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં પ્રાથમિક ધોરણે આ સ્ટેશનનો જ ઉપયોગ કરાશે. શહેરમાં ઈલેકટ્રીક બસ સેવા શરૂ કરવાના નિર્ણયથી શહેરી બસ સેવા વધુ અસરકારક બનશે. અન્ય રૂટમાં પણ વધુ બસો ફાળવી શકાશે જેના લીધે અત્યાર સુધી મુસાફરોની ઉભી થતી ફરિયાદોનો પણ અંત આવશે. ડેપોને ટુંક સમયમાં નવી બસો ફાળવવામાં આવશે જયારે ડેપો સંકુલમાં જરૂરી રીનોવેશનની કામગીરી અંગે પણ અગાઉ અભ્યાસ કરી દેવાયો છે. ત્યારે મુસાફરલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે પણ ઝડપથી કામગીરી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

## ઉભરતી ભીડ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ હજુ પણ કોવિડની ત્રીજી લહેર આવી શકે તેવા ભણકારા વાગી રહ્યા છે. એકબાજુ આરોગ્યમંત્રીએ પણ આજે એવુ નિવેદન આપ્યુ છે કે કોવિડની ત્રીજી લહેર આવી શકે તેમ છે. ત્યારે ઘાતક પુરવાર થયેલી બીજીલહેરના અંતે કોવિડના સતત કેસ ઘટતા હાલ સંક્રમણ કાબુમાં હોવાથી નગરજનો દિનપ્રતિદિન સાવ નફીકરા બની ગયા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. દિવાળીના પર્વને અનુલક્ષી ખરીદી માટે બજારમાં ભીડ જોવા મળે છે. ત્યારે માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગની વાત પણ સદંતર વિસરાઇ ગઇ છે. આવા સંજોગોમાં કોવિડનો ખતરો માથે હજુ તોળાઇ રહ્યો છે ત્યારે કોરોના સંદર્ભે સરકારની ગાઇડલાઇનનુ ચુસ્ત પાલન થાય તે અનિવાર્ય છે. કોવિડની સંભવિત ત્રીજી લહેરનો ખતરો હજુ તોળાઈ રહ્યો છે. ત્યારે કોરોનાથી બચવા માટે જરૂરી ગાઈડલાઈનનુ પાલન કરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં રોજબરોજ ભીડ જામે છે. ત્યારે સરકારે ઉદારતા દાખવી આપેલી છુટછાટનો વિવેકપુર્વક ઉપયોગ થાય તે પણ પ્રત્યેક નાગરિકની ફરજ છે તેવો સુર પણ નગરના બુધ્ધિજીવીઓએ ઉઠાવ્યો છે.

## હટાવાયા....

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, દિલ્હીથી બહાદુરગઢ તરફ જતા આ રસ્તાને સામાન્ય જનતા માટે જલ્દી જ ખુલ્લો કરવામાં આવી શકે છે. થોડા દિવસો પહેલા સુપ્રીમ કોર્ટે એવી ટિપ્પણી કરી હતી કે, ખેડૂતો રસ્તા જામ કરીને આંદોલન ન રાખી શકે. ગુરૂવારે દિલ્હી-બહાદુરગઢ રૂટ પરના હળવા ડિવાઈડર્સ દૂર કરી દેવામાં આવ્યા હતા. જ્યારે કોક્રિટને હજુ સુધી નથી હટાવાયા. દિલ્હી પોલીસના કહેવા પ્રમાણે ટિકરી બોર્ડર (દિલ્હી-હરિયાણા) અને ગાઝીપુર બોર્ડર (દિલ્હી-યુપી) પરના ઈમરજન્સી માર્ગ ખોલવાની યોજના છે. ખેડૂતોની સહમતિ બાદ સરહદો પરના બેરિકેડ્સ હટાવી લેવામાં આવશે.

## જેલમુક્તિ લંબાઈ....

● અનુસંધાન પહેલાનું ચાલુ

આર્યનને ૨૮ ઓક્ટોબરના રોજ જામીન પર છોડવાનો બોમ્બે હાઈકોર્ટે આદેશ કર્યો હતો. જોકે, ઓર્ડરની નકલ તૈયાર ના હોવાથી તેમજ ઓફિસના કામકાજનો સમય પૂરો થઈ ગયો હોવાના કારણે આર્યનને વધુ એક રાત માટે જેલમાં રહેવું પડ્યું હતું. અને આજે શુક્રવારે આર્યન જેલની બહાર આવશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો હતો. પણ આજે પણ રિલીઝ ઓર્ડર મોડા મળવાને કારણે આર્યન ખાનને આજની રાત પણ જેલમાં જ પસાર કરવાનો વારો આવ્યો છે.

આર્યનના વકીલ સતીષ માનશિંદેના જણાવ્યા અનુસાર, હાઈકોર્ટના આદેશની નકલ તેમને મળી ગઈ છે. જજ એકવાર જામીનનો સ્વીકાર કરે ત્યારબાદ અન્ય ફોર્માલિટી કરવામાં આવતી હોય છે. આજ સાંજ સુધીમાં આ તમામ કામગીરી પૂરી થઈ જશે. બોન્ડ સાઈન થયા બાદ તેને લઈને સીધા કોર્ટથી જેલ જવામાં આવશે. આ તમામ દસ્તાવેજો જેલના સત્તાધીશો સમક્ષ રજૂ કરતાં જ આર્યનને મુક્ત કરાશે. પણ સાંજ ૬ વાગ્યા થતાં સુધીમાં ઓર્ડર્સ ઓર્થર રોડ જેલ પ્રશાસનને મળ્યા ન હતા.

હાલ મળતી વિગતો અનુસાર, આર્યન ખાનને ૧ લાખ રૂપિયાનો પર્સનલ બોન્ડ ભરવો પડશે. પોતાનો પાસપોર્ટ જમા કરાવવો પડશે. તેને દેશની બહાર જતા પહેલા પણ કોર્ટની પરવાનગી મેળવવી પડશે. વળી, તેને દર શુક્રવારે એનસીબીની ઓફિસમાં હાજરી પણ પૂરાવવી પડશે. તપાસમાં પૂર્ણ સહયોગ આપવાની સાથે આર્યન પોતાના સહઆરોપીઓ સાથે પણ વાત નહીં કરે, તેમજ કેસને લગતા કોઈ તથ્યો, પુરાવા કે સાક્ષીને પ્રભાવિત કરવાનો પ્રયાસ પણ નહીં કરી શકે. આ ઉપરાંત ગ્રેટર મુંબઈથી બહાર જવાનું છે તો પહેલા કેસના તપાસ અધિકારીને આ અંગેની સૂચના આપવાની રહેશે. જ્યાં જઈ રહ્યા છે તેની પૂરી યોજના અધિકારીને સોંપવાની રહેશે. અને જો કોઈપણ શરતનું ઉલ્લંઘન કરે છે તો એનસીબી સીધા સ્પેશિયલ જજ/કોર્ટથી જમાનત રદ કરવાની અપીલ કરી શકે છે.




## ગૌહત્યા અને ગૌવંશની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ ૮ વાહનોને ખાલસા કરી સરકાર હસ્તક કરતા કસાઇઓમાં ફફડાટ

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના કતલખાનાઓમાં ગૌવંશની કતલ થતી હોવાની બૂમો વારંવાર ઉઠી રહી છે જીલ્લામાં ગૌવંશની હેરાફેરી વાહનોમાં મોટા પ્રમાણમાં થતી હોવાનો પર્દાફાશ પોલીસે કરી કસાઈઓને જેલના સળિયા પાછળ ધકેલી દેતી હોય છે ત્યારે અરવલ્લી જીલ્લામાં ગૌહત્યા અને ગૌવંશની હેરાફેરીમાં ઝડપી લીધેલ ૮ વાહનોને સરકારના નવા કાયદા મુજબ ખલાસા કરી સરકાર હસ્તક કરતા કસાઈઓમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક ભરત બસિયાએ જીલ્લામાં ગૌહત્યા અને ગૌવંશની હેરાફેરીમાં જીલ્લા પોલીસે જપ્ત કરેલા કાર, પીકઅપ ડાલુ, રીક્ષા, બાઈક જેવા ૮ વાહનોને ગુજરાત પશુ સંરક્ષણ (સુધારો) અધિનિયમ-૨૦૧૭ તથા પશુ સંરક્ષણ (સુધારો) નિયમ ઈ-૪ અનવ્યે ખાલસા કરી સરકાર હસ્તક કરવા તજવીજ હાથધરી વાહન માલિકોને ગુન્હામાં જપ્ત કરેલ વાહન છોડાવવા નોટીસ આપવા છતાં વાહન નહીં છોડાવતા તમામ ૮ વાહનોને સરકાર હસ્તક કરી લેતા કસાઈઓમાં ફફડાટ ફેલાયો છે.